દિવ્ય કૃપા : રાષ્ટ્રસંત, ભારતદિવાકર શાસનસમ્રાટ્, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. * દિવ્ય આશિષ : તપચક્ર-ચક્રવર્તી, જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.

સાહિત્યદિવાકર, રાજસ્થાન દક્ષિણ-દિપક, પરમાર્થમૂર્તિ, શ્રુતતીર્થોપાસક, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. ની આજ્ઞા-આશિષે

સૂરી સુવર્ણ વર્ષ-સંયમ સુવર્ણ વર્ષે શ્રી સંઘના આંગણે '૯'મું શ્રમણ ભગવંતનું ચાતુર્માસ, પૂ. ગુરુદેવની '૯'મી પુણ્યતિથિના ઉપલક્ષે

પ્રાચિન સાહિત્ય સંશોધક, મેવાડ દિવાકર, પ. પૂ. સર્વોદયસાગરજી મ. સા. ના શિષ્યરત્ન

પ. પૂ. મુનિરાજ શ્રી જગવલ્લભસાગરજી મ. સા. ની ચાતુર્માસિક પાવન નિશ્રામાં

શ્રી ગુરુ પ્રતિમા અને શાસન દેવીની પ્રતિમા ભરાવનાર લાભાર્થી પરિવારો



શ્રી ગૌતમસ્વામી (ગુરુ પ્રતિમા)
અ. સૌ. અલ્પનાબેન જતિન સુંદરજી વોરા
ગામ મોટા લાયજા



શ્રી ચક્રેશ્વરી દેવી (શ્રી આદિનાથ ભગવાનના શાસન દેવી)
સંઘમાતા માતુશ્રી મંજુલાબેન ભરત સોજપાર ગાલા
હસ્તે : હની પૂનમ દિપેશ સોની ગામ દેવપુર



શ્રી અજિતબાલા દેવી (શ્રી અજિતનાથ ભગવાનના શાસન દેવી)
અ. સૌ. અનેરી કુનાલ છેડા
ગામ કુંદરોડી



શ્રી દુરિતારિ દેવી (શ્રી સંભવનાથ ભગવાનના શાસન દેવી)
સંઘમાતા માતુશ્રી મંજુલાબેન ભરત સોજપાર ગાલા
હસ્તે : હની પૂનમ દિપેશ સોની ગામ દેવપુર



શ્રી મહાકાલી દેવી (શ્રી સુમતિનાથ ભગવાનના શાસન દેવી)
સંઘમાતા માતુશ્રી મંજુલાબેન ભરત સોજપાર ગાલા
હસ્તે : હની પૂનમ દિપેશ સોની ગામ દેવપુર



શ્રી જ્વાલામાલિની દેવી (શ્રી ચંદ્રપ્રભસ્વામી ભગવાનના શાસન દેવી)
શ્રીમાન નાગજી જેવત ગડા
ગામ નાના ભાડીયા



શ્રી નિર્વાણી દેવી (શ્રી શાંતિનાથ ભગવાનના શાસન દેવી)
અ. સૌ. ગીતાબેન કીરીટ લખમશી દેઢિયા
ગામ કોટડા રોહા



શ્રી સુધર્માસ્વામી (ગુરુ પ્રતિમા)
સંઘમાતા માતુશ્રી હેમલતાબેન ભવાનજી રાયશી ગોસર
ગામ દેવપુર



શ્રી પંચાંગુલી દેવી (શ્રી સિમંધરસ્વામી ભગવાનના શાસન દેવી)
જૈનમ વિતેશ ભાનુબેન મુલચંદ ગોસર
ગામ રાયણ



શ્રી અંબિકા દેવી (શ્રી નેમિનાથ ભગવાનના શાસન દેવી)
શ્રીમાન નાનજી નરશી દેઢિયા
ગામ ગઢશીશા



શ્રી પદ્માવતી દેવી (શ્રી પાર્શ્વનાથ ભગવાનના શાસન દેવી)
શ્રીમાન ભવાનજી હંશરાજ ગાલા
ગામ હાલાપુર



શ્રી સિદ્ધાયિકા દેવી (શ્રી મહાવીરસ્વામી ભગવાનના શાસન દેવી)
માતુશ્રી પુષ્પાબેન લખમશી માલદે
ગામ મોટા લાયજા



શ્રી સરસ્વતી દેવી (શ્રી જ્ઞાન સાધના)
સંઘમાતા અ. સૌ. હેમલતાબેન ભવાનજી ઠાકરશી ગાલા
આટાવાલા ગામ મોટા આસંબિયા



શ્રી મહાલક્ષ્મી દેવી (શ્રી યંત્ર સાધના)
સંઘમાતા માતુશ્રી મંજુલાબેન ભરત સોજપાર ગાલા
હસ્તે : હની પૂનમ દિપેશ સોની ગામ દેવપુર

સંવત ૨૦૮૨-વર્ષ ૨૦૨૬ ચાતુર્માસ પરિવર્તનના લાભાર્થી પરિવાર : શયાન અને શર્વી કિંજલ ડૉ. પ્રતિક અ. સૌ. દિવ્યાબેન નિતિન ખેરાજ શાહ (નાગડા) ગામ કોડાય

નમ્ર નિવેદન : આ પ્રતિમાઓ અનુષ્ઠાન માટે શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘમાં સંપર્ક કરવા વિનંતિ. નકરો : રૂા. ૨૫૦૦/-

લિ. શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ ના ટ્રસ્ટીઓ

* શ્રી અશોક સોમચંદ દંડ - વરાડીયા તીર્થ * CA શ્રી ચેતન નાનજી દેઢિયા - ગઢશીશા
* શ્રી અશ્વીન વાલજી ધરમશી - કોઠારા તીર્થ * શ્રી દિપક ચંપકલાલ શાહ - હમલા મંજલ

ચાતુર્માસ કમીટી

* ચેરમેન : શ્રી ચિરાગ પ્રકાશ લોડાયા - સાંયરા તીર્થ 96198 76560
* વા. ચેરમેન : શ્રી પ્રદીપ કલ્યાણજી દેઢિયા - કોટડા રોહા 98209 71632

શ્રી સંભવનાથ ભગવાન ચોક, શ્રી જૈન દેરાસર લેન, વડાલા (વે.), મુંબઈ - ૪૦૦ ૦૩૧. ફોન : 90761 05668

* મહેતાજી : શ્રી ગજેશભાઈ ડાઘા Mob.: 76661 03349

(CLB-16135)

શૈક્ષણિક અભિવાદન...હેતભર્યા અભિનંદન



Congrats!

પદવીઓથી શોભ્યું પ્રતિભાનું સોનેરી શિખર,
MBBS બાદ MS ની સિદ્ધિથી રોશન કર્યું જ્ઞાનનું અંબર.
સંઘર્ષ, સમર્પણ અને સાધનાનું સુંદર પરિણામ,
ડૉ.નૈની તારી સફળતાને શત શત સલામ !

કુ.ડૉ.નૈની અંજના ડૉ.હેરીલ ડૉ.વેલજી નંદુ

રાયણ-દાદર

દેવ-ગુરૂની અસીમ કૃપા તથા મોમાઈ મા ની મહેર અને
વડીલોના આશીર્વાદથી અત્યંત કુશાગ્ર બુધ્ધિ,
અથાગ મહેનત, એકાગ્રતા અને ખંતથી બાળપણથી શૈક્ષણિક સફરમાં અગ્રેસર
રહી અનેરી સિધ્ધીઓ મેળવનાર, દાદા અને પિતાની કંડારેલી કેડીએ ચાલનાર,
અંજના ડૉ.હેરીલ ડૉ.વેલજી નંદુની લાડકવાયી, ડૉ.નમનની બેન ડૉ.નૈની એ
ANANTA INSTITUTE OF MEDICAL SCIENCES કોલેજ માંથી
MS General Surgery ની ડિગ્રી મેળવી છે. જીવનમાં દરેક તબક્કે કારકિર્દીમાં
સદાય આવી જ સફળતા મેળવે એવા આશીર્વાદ સાથે પરિવારની શુભેચ્છા.

દાદા-દાદી : માતુશ્રી હંસાબેન ડૉ.વેલજી લાલજી દેવજી નંદુ - રાયણ
કાકા : ફિલીપ ડૉ.વેલજી નંદુ
નાના-નાની : માતુશ્રી તારાબેન મનસુખ ખીમજી માલશી કુરીઆ - બિદડા

(CLB-16145)

NEEL PARI - 9322299742

॥ શ્રી અજિતનાથાય નમઃ ॥ ॥ શ્રી કુંથુનાથાય નમઃ ॥
॥ શ્રી આર્ય - કલ્યાણ - ગૌતમ - ગુણ - ગુણોદય - કલા - કવી - વીર - મહોદયસૂરીભ્યો નમઃ ॥

શ્રી સાંતાક્રુઝ અચલગચ્છ જૈન સંઘ (વેસ્ટ)

સ્થાપક - પ્રેરક : જિનશાસન શિરોમણિ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
એડ્રેસ : ૪૫, ઓમ શિવમ્ એપાર્ટમેન્ટ, મયુર બિલ્ડીંગ, તિલક રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ),મુંબઈ -૪૦૦ ૦૫૪

ઉપદેશક : અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વજી મ.સા.
આજ્ઞા આશિષ : અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વજી મ.સા.

ચાતુર્માસ પૂર્ણાહુતિએ ઉજવાશે
સમૂહ અઠ્ઠમ તપ સહ ગુરૂ સમર્પણ ઉત્સવ...



કારતક સુદ.૧૩ રવિવાર તા ૨૨/૧૧/૨૦૨૬

પરમ વિદુષી શાસન પ્રભાવિકા
પ.પૂ.સા શ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ની ૨૬મી પુણ્યતિથિ
પૂજ્યશ્રીના ચરણકમલોમાં કોટી કોટી વંદના....

પ્રભુભક્તિથી છલકતું સદેવ જેમનું ઉર,
શાસન કાર્યોની હામ હતી હૈયે ભરપૂર,
સંભળાવ્યા જેમણે સંયમ સાધનાના મીઠા સૂર,
વાત્સલ્ય કરુણાના વહાવ્યા પુર.....

વ્યવહારદક્ષ પ.પૂ.સા.શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. તથા મિતભાષી પ.પૂ.સા.શ્રી મૌનગુણાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા,
પ.પૂ.સા. શ્રી પરાર્થગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી હીરકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૨ ની
પાવનકારી નિશ્રામાં શ્રી સંઘના ઉપક્રમે

પ્રભુના પગલે..પા...પા...પગલી
સંગીતમય કાર્યક્રમ માણવા જરૂરથી પધારજો....

લિ. ટ્રસ્ટીગણ તથા સર્વે કારોબારી સભ્યો

(CLB-16151)

જા.સૌ. : હેતલબેન શેઠીયા (ગામ વડાલા) FENJINA SHIRTS

Shilpi 9819656510

નાગડા નુખના શ્રી આશરા માતાજી તથા શ્રી ખેતરપાળ દાદાની સમૂહ પહેડીનુ આમંત્રણ



સણોસરા ગામે નમતા નાગડા નુખના સર્વે ભાવિકો તથા નિયાણી બહેનો
આપણા સહુના ઉપર જેમની અસીમ કૃપા વરસી રહી છે એવા
આપણા કુળદેવી શ્રી આશરા માતાજી તથા શ્રી ખેતરપાળ દાદાની
સમૂહ પહેડીમા આપ સહકુટુંબ પધારી માતાજીના દર્શન, વંદન
અને પ્રસાદનું લાભ લઈ ધન્યતા અનુભવજો.



રવિવાર, તા. 3-1-2027

સવારે ૮.૦૦ કલાકે | R.R. કોલેજ હોલ, મુલુંડ (ઈસ્ટ)

પહેડીના કાર્યક્રમની રૂપરેખા

સવારે ૮.૦૦ કલાકે : શ્રી આશરા માતાજીને પધરાવવાનું
સવારે ૮.૦૦ કલાકે : શ્રી ખેતરપાળ દાદાને પધરાવવાનું
સવારે ૮.૧૦ કલાકે : શ્રી આશરા માતાજીને પોંખવાનું
સવારે ૮.૧૫ કલાકે : શ્રી ખેતરપાળ દાદાને પોંખવાનું
સવારે ૮.૨૫ કલાકે : શ્રી આશરા માતાજીને ચુંદડી પહેરાવવાનું
સવારે ૮.૩૫ કલાકે : શ્રી ખેતરપાળ દાદાને ખેસ અને સાફો પહેરાવવાનું
સવારે ૧૧.૩૦ કલાકે : શ્રી આશરા માતાજીનો થાળ
સવારે ૧૧.૩૦ કલાકે : શ્રી ખેતરપાળ દાદાનો થાળ
બપોરે ૧૨.૧૫ કલાકે : શ્રી આશરા માતાજીની આરતી
બપોરે ૧૨.૧૫ કલાકે : શ્રી ખેતરપાળ દાદાની આરતી

(CLB-16172)

સર્વે ભાવિકોને જણાવવાનું કે સમૂહ પહેડી આનાફોડથી રહેશે.
બાકીની વિગત પાછળથી જાણ કરવામાં આવશે.

લી. નાગડા ભાવિક મંડળ વતી વિસનજી કરમશી (કોટડા રોહા) : ૯૮૨૦૯ ૭૧૦૧૨

BINITA S. MARU - 9869034162


પ.પૂ.શ્રી ગણીવર્ય ઉદયરત્ન સાગરજી મ.સા.

શ્રી અભિનંદન સ્વામી નમો નમઃ

શ્રી સાયન કચ્છી જૈન સંઘના આંગણે મંગલ પ્રસંગ

ઉદય-ગુણ ગુરૂ સાનિધ્યે આનંદ હી આનંદ


યુવામુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા.

વર્તમાનના હાજરાહજૂર જીવંત તીર્થંકર **શ્રી સીમંધર સ્વામી મહાપૂજનનું** ભવ્ય આયોજન



દિવ્યકૃપા : શાસનસમ્રાટ, ભારત દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
દિવ્ય આશિષ : જિનશાસન શિરોમણી, તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
રાજસ્થાન, દક્ષિણ દિપક, સાહિત્યદિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના



શુભ નિમિત : ગુરૂ ગુણોદય સૂરિપદ સુવર્ણ વર્ષ
ગુરૂ સર્વોદય સંયમ સુવર્ણ વર્ષની ઉજવણી

ગુરૂદેવ એવા મજાના મળ્યાં, ખુશીઓનાં જાણે ખજાના મળ્યા
સાધના સમ્રાટ ગણીવર્ય શ્રી ઉદયરત્ન સાગરજી મ.સા.
યુવામુનિ શ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા.

પૂજન તા.૨૨ નવેમ્બર ૨૦૨૬, રવિવાર, સવારે ૯ થી ૧૨ કલાકે (કાર્યક્રમ બાદ : સાધર્મિક ભક્તિ)
પૂજન સ્થળ : સ્વામી વલ્લભ વિવિધલક્ષી વિદ્યાલય, પ્લોટ નં.૬, સાયન વેસ્ટ

શ્રી સીમંધર સ્વામી પૂજનનાં લાભ લીધા સવાયા
સાયન સંઘના છે આ લાભાર્થી પરિવારો પ્યારા

૧ માતુશ્રી શશીકલા ખીયશી ભીમશી હરિયા - હાલાપુર
ઃ અક્ષિતા ભાવેશ હરિયા
૨ માતુશ્રી શાંતાબેન ગોવિંદજી ગડા
હસ્તે : ચિત્રાબેન ખુશાલ ગડા (સાભરાઈ)
૩ શ્રીમતી માધુરી નરેન્દ્ર ધનજી છેડા - પુનડી
૪ માતુશ્રી કિરણબેન કલ્યાણજી શામજી છેડા - મોટા આસંબિયા
ઃ કુંજલ ભાવેશ છેડા
૫ શ્રીમતી નવલબેન ગિરીશ હીરજી દેઢિયા - શેરડી
ઃ.દિશા કાજલ સાવલા, તેઆરા રૂપલ ગૌરવ, જીઆંશ નેહલ દિપેન
૬ શ્રીમતી રંજનબેન કાંતિલાલ હરિયા - શેરડી
ઃ હર્ષી નીપા અનિલ હરિયા અને શીતલ નિલેશ હરિયા
૭ વર્ષા હેમાંગ વિરા.- ભુજપુર
અને વિજ્યાબેન ભીમશી ગોસર પરિવાર
ઃ કેતકી પરેશ ગોસર
૮ અનિલા દેવેન્દ્ર વલ્લભજી શાહ - નાના ભાડિયા
ઃદિયાંશ અદિત શાહ
૯ પ્રિયંકા વૈભવ વોરા - વરંડી મોટી
સ્વપનીલ મીના ભાઈલાલ વોરા - નાની ખાખર
૧૦ વિલેશ તેજશી લાલન - કોડાય
૧૧ સુશીલા નવીનચંદ્ર દેઢીયા - નાની ખાખર
ઃ નીલ ઉર્વી નિતેશ દેઢીયા
૧૨ મણીબેન રમેશ ગાલા - રાયધણજર
૧૩ માતુશ્રી રતનબેન પ્રેમજી શેઠીયા- લાખાપર
ઃ દેવમ મયુરી સંજય શેઠિયા
૧૪ ઈલા રાજીવ મોતા - દેવપુર
૧૫ રીટાબેન કેતન ગાંધી - ધાંગધ્રા


(CLB-16159)

આ પૂજન પ્રસંગે સમગ્ર સાયનમાં રહેતા તમામ
કચ્છી પરિવારોને પધારવાનું ભાવભર્યું હાર્દિક આમંત્રણ છે.

નિમંત્રક : શ્રી સાયન કચ્છી જૈન સંઘ
।। ઉદ્યો ભવતુ સર્વેધામ ।।

શ્રી સાયન કચ્છી સંઘના હૃદય ઉદ્‌ગાર

પૂજ્ય ગુરૂદેવ શ્રી જ્યારથી સાયન પધાર્યા...
કચ્છી પરિવારોનાં ભાગ્ય જાગ્યા સવાયા
અદ્‌ભૂત કૃપા પૂજ્યશ્રીએ સાયન પર વરસાવી...
૧-૧ ઘરોમાં ધર્મની રંગત લગાવી
સૂતા હતા અમે, વર્ષોથી મોહ નિદ્રામાં...
પર્યુષણના પ્રવચનો માટે પધાર્યા મ.સા.નાના
અમારા સંઘમાં દરરોજ સાંજે...
પૂજ્યશ્રી એ જિનવચનો સંભળાવ્યા.
ગુરૂવાણીના શ્રવણથી અનેકોનાં જીવન પલટાયા...
ઉપકાર ગુરૂદેવ આપનો વિસરી ના શકાય.
સાયનવાસીઓ પર રાખજો તમે, અમિ દ્રષ્ટિ સદાય.
૧૦-૧૦ વર્ષોથી આપ હતા મુંબઈ છતાં વંછિત રહ્યા અમે...
છેલ્લે છેલ્લે જતાં જતાં ભીંજવતા ગયા ગુરૂવર તમે.
મુંબઈ થી ગુજરાત તરફ હવે, કરજો સુખે સુખે વિહાર...
દેવ-ગુરૂની કૃપા આપનાં પર વરસે છે, અપાર...અનરાધાર
સાયનવાસીઓને હવે એક જ અંતરની પુકાર...
હાથ જાલીને આ ભવસાગરમાં તરાવજો અમ જીવનની નાવ.

પૂજ્ય ઉદય-ગુણ-ગુરૂદેવોના આગામી અંદાજિત વિહાર કાર્યક્રમ



૧ ડિસેમ્બર - વાપી
૪ ડિસેમ્બર - નવસારી
૬ થી ૯ ડિસેમ્બર - સૂરત (મહામાંગલીક)
૧૮ ડિસેમ્બર - પાવાગઢ (સમુહ જાત્રા)
૨૧-૨૨-૨૩ ડિસેમ્બર - વડોદરા
૨૫ થી ૨૭ ડિસેમ્બર - વાલવોડ તીર્થ (આત્મસાધના શિબીર)
૨૯ ડિસેમ્બર થી 3 જાન્યુઆરી - ૬ દિવસ - ખંભાત (પોષદશમી સમુહ અઠ્ઠમ)
૮-૯ જાન્યુઆરી - ભાવનગર સીટી (મહામાંગલીક)
૧૩-૧૪-૧૫ જાન્યુઆરી - પાલીતાણા તીર્થયાત્રા
૨૦-૨૧-૨૨ જાન્યુઆરી - વંથલી થી ગિરનારનો છરી પાલીત સંઘ
૨૩ જાન્યુઆરી થી ૨૮ ફેબ્રુઆરી (સવા મહિનો) ગિરનાર તીર્થે ૯૯ યાત્રા
માર્ચ-એપ્રીલ-મે - કચ્છનાં વિવિધ ગામોની વિનંતી મુજબ વિચરણ સ્પર્શના

વિહાર દરમ્યાન પૂજ્યશ્રીનાં સંપર્ક નંબર રામભાઈ : 7805088467, 8879989787

NEEL PARI - 9322299742

॥ या देवी सर्वभूतेषु मातृरूपेण संस्थिता ॥
॥ नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नम : ॥

ગઢસીસા સ્થાને શ્રી અંબામાંને નમતા વિસરીયા ભાવિકો દ્વારા અંબામાંની સમૂહ પહેડી

સહર્ષ આમંત્રણ

શુભ દિવસ :
કારતક વદ તેરસ, સં.૨૦૮૩
રવિવાર
તા.૦૬.૧૨.૨૦૨૬
સવારના ૮:૦૦ વાગ્યાથી

શુભ સ્થળ :
મેવાડ કેસરી ભવન
બીજો માળો, લખી હાઉસ,
એલ.બી.એસ.માર્ગ, જૈનમ આર્કેડની બાજુમાં,
પંચાયત ગુરૂદ્વારની સામે,
ભાંડુપ-પશ્ચિમ, મુંબઈ-૪૦૦ ૦૭૮.



ગઢસીસા ગામે શ્રી અંબામા ને નમતા **ગઢસીસા, કોટડા-રોહા, નરેડી, શેરડી** અને **ઉનડોઠ** ગામના **વિસરીયા ભાવિકો** દ્વારા શ્રદ્ધા, ભાવપૂર્વક ઉજવવામાં આવતી અંબામાંની સમૂહ પહેડીના પાવન પ્રસંગે ભક્તિભાવ અને પ્રસાદનો લાભ લેવા સમસ્ત **નિયાણી બહેનો** અને **વિસરીયા ભાવિકો ને સહ પરિવાર પધારવા સહર્ષ આમંત્રણ.**

સમૂહ પહેડીના લાભાર્થી પરિવાર :

વિસરીયા ભાવિકો દ્વારા **એક આના** દીઠ ₹૫૦૦૦/- ના દરે **આનાફોળ** થી **પહેડીનું** આયોજન કરવામાં આવ્યું છે. સૌ ભાવિકોને પોતાની શક્તિ અને ભક્તિ અનુસાર એક કે તેથી વધુ આના સ્વીકારી ધર્મલાભ લેવા વિનમ્ર વિનંતી.

આનાફોળ અંતર્ગત સૌભાગ્ય ચિઠ્ઠી ઉપાડવાની મંગલમય વિધિ દ્વારા **આરતીના લાભાર્થે ત્રણ** તથા **થાળના લાભાર્થે ત્રણ**, એમ કુલ છ **ભાગ્યશાળી** પરિવારોની પસંદગી કરવામાં આવશે.

આનાફોળ નામ લખાવવા :

- આનાફોળ માટેના નામ...
  મયુર (દિપેશ) રતનશી વિસરીયા-84080 43251
  હરેશ ભવાનજી મુરજી વિસરીયા-88985 31532
  ઉપર લખાવવા વિનંતી.
- પેમેન્ટ કર્યા બાદ નામ, એડ્રેસ, PAN નંબર લખી 93222 13877 ઉપર વોટ્સએપ કરવા વિનંતી.
- આનાફોળની રકમ QR કોડ, ચેક, નેટ બેન્કિંગ અથવા પહેડીના દિવસે રોકડા આપી શકાય છે.

પહેડીની રૂપરેખા

- ★ સવારે ૦૮:૦૦ વાગ્યાથી નવકારશી
- ★ સવારે ૦૮:૦૫ વાગ્યે માતાજીની વાજતે ગાજતે પધરામણી
- ★ સવારે ૦૮:૧૦ વાગ્યે માતાજીની સ્થાપના
- ★ સવારે ૦૯:૦૦ વાગ્યે ભક્તિ ભાવના
- ★ સવારે ૧૧:૫૫ વાગ્યે આહ્વાન
- ★ બપોરે ૧૨:૦૦ વાગ્યે આરતી
- ★ બપોરે ૧૨:૩૦ વાગ્યે થાળ
- ★ બપોરે ૧૨.૩૯ વાગ્યે પ્રસાદ
- ★ બપોરે ૦૧:૦૦ વાગ્યાથી રાસ ગરબાની રમઝટ

સંપૂર્ણ વિધિ અર્થ સાથે :

શાસ્ત્રોક્ત વિધિનો આગવી અદામાં સંકલન :
શ્રી હીરાલાલ લાલજી રાજગોર (સુથરી) દ્વારા કરાવવામાં આવશે.

ભક્તિ ગીત અને રાસ ગરબાની રમઝટ :
હાર્દિકભાઈ વિસરીયા • પ્રતિકભાઈ બારોટ
રિદ્ધિબેન ભાનુશાલી અને સાથી કલાકારો

- કાળા વસ્ત્રો પરિધાન ન કરવા વિનંતી.
- વેલે પાર્કિંગની વ્યવસ્થા છે.
- તા.ક.: પહેડી બાદ બપોરે ૨ વાગ્યે વાર્ષિક સામાન્ય સભા રાખવામાં આવી છે.

એજ દિવસે એજ સમયે **સ્થાનિકે શ્રી અંબામાં સ્થાન, ગઢસીસા, કચ્છ**માં પણ **સમૂહ પહેડી**નો આયોજન કરવામાં આવેલ છે.
(CLB-16123) એ આસપાસમાં વિચરતા વિસરીયા ભાવિકો તેમજ નિયાણી બહેનો પરિવારોએ પ્રસાદનો લાભ આપવા વિનંતી.

લિ. શ્રી અંબામાં વિસરીયા ભાવિક ટ્રસ્ટ-ગઢશીશા વતી દિનેશ હેમરાજ વિસરીયા (માનદ મંત્રી) - સંસ્થા મોબાઈલ : 93726 55623

RUJUTA AD./ 98213 30432

વાત્સલ્યમૂર્તિ, ધર્મપ્રેમી
માતૃહૃદયા મોટા વેવાણશ્રીને ભાવભીની શ્રધ્ધાંજલી..



માતુશ્રી સુંદરબેન મગનલાલ શાહ (રાંભિઆ)
ગામઃ રાયણ / હાલે વિલેપાર્લે ✿ દેવલોકગમન : ૧૮-૧૧-૨૦૨૫

સત્કાર્યો તમારા સંસ્કાર હતા... સજજનતા તમારી સુવાસ હતી...
ધર્મમય તમારું જીવન હતું... પરોપકાર તમારું રટણ હતું...
સહુના હૃદયમાં વસ્યા તમે...
છોડી સ્વજનોને મોક્ષમાર્ગે સિધાવી ગયા...
છત્ર ગયા ને છાયા રહી ગઈ... સ્નેહની હુંફ ગઈને સ્મૃતિ રહી ગઈ...

લિ. વેવાઈ પરિવાર

(CLB-16125)

શ્રીમતી અવનીબેન મેહુલ ગાલા - ફરાદી
માતુશ્રી જસવંતીબેન પાનાચંદ ગાલા - ફરાદી
માતુશ્રી દક્ષાબેન નિતીન ભાણજી દેઢીયા - પત્રી

SONI GRAPHICS 9653103969

શ્રી ભુજપુર જૈન મૂર્તિપૂજક સંઘ

ભુજપુર નગરે દાદા ચિંતામણીની મીઠી છે મહેર
ભાવિકો પોષ દશમીની આરાધના કરવા પધારો ઉમંગભેર

મંગલ પ્રસંગ

પુન્યશાળીઓ જણાવતા આનંદ થાય છે કે
વર્ષો પછી સંઘના આંગણે પોષ દશમીની આરાધના
માગશર વદ ૯, ૧૦, ૧૧, શુક, શનિ, રવિ, તા.૧,૨,૩ ૨૦૨૬

નિશ્રા

શ્રી સંઘની આગ્રહભરી વિનંતી સ્વીકારીને અચલગચ્છાધિપતીશ્રીના આજ્ઞાનુવર્તીની પરમપૂજ્ય સાધ્વી શ્રી વિરાગગુણાશ્રીજી આદિ ઠાણા

અમૃતપાન

અધ્યાત્મ રસ ભરપૂર ધારદાર, પ્રવચન માળા પ્રભુ પાર્શ્વનાથ દાદાની મોક્ષયાત્રા કેમ શરૂ થઈ હું કોણ છું એની ઓળખ, એની સાચી સમજણ.
તા. ૧ થી ૧૨ સુધી જિનવાણીનું લાભ લેવા વિનંતી.

આરાધના.

પધારેલ ભાગ્યશાળીઓને અનુકૂળતા પ્રમાણે તપ કરી શકશે. (જિનવાણીનું શ્રવણ અવશ્ય), અઠ્ઠમતપ, આયંબીલ, એકાસણા, નવકારશી-ચોવિહાર રોજે અલગ અલગ દિવ્ય દ્રવ્યથી પ્રભુજીના પક્ષાલ દેવવંદન, જિનવાણી, તપ, જપ, પ્રતિક્રમણ, ભાવના.

સાધર્મિક ભક્તિ.

બહારગામથી પધારેલ ગુરૂભક્તો તેમજ આરાધકોના અંતરપારણા, પારણા, જિનવાણીનું શ્રવણ કરવાવાળા ની ભક્તી(સવારે વ્યાખ્યાન બાદ બપોરના જમવાના પાસ મળશે. ત્રણ દિવસ)

(CLB-16168)

રહેવાની સગવડતા

બહારગામથી પધારેલ ગુરૂભક્તો, આરાધકો માટેની પાંચ દિવસની સગવડ અનુકૂળતા પ્રમાણે કરવામાં આવશે. આગળથી જાણકારી આપવા વિનંતી. (સંખ્યા મર્યાદિત) આગળનું રોકાણ સમય સંજોગો પ્રમાણે કરવામાં આવશે.

સંપર્ક : પેટી-૮૧૪૧૩૬૩૭૦૮ લિ. શ્રી ભુજપુર જૈન મૂર્તિપૂજક સંઘ

રમણ રોહિયા-૯૩૨૬૭૧૩૬૭

માનવતા ગ્રુપ -ડોંબિવલી

ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. E-12821 Thane Dt.22.07.2022
CSR Regd. No.: CSR-0004574 I 80 G Regd.No.: AAITM1306MF20261

ડોંબિવલીમાં વસતા ક.વિ.ઓ તથા ક.દ.ઓ.પરિવારો માટે
માનવતાની સેવાઓ તથા અંત્યેષ્ટિ ક્રિયાની નિઃશુલ્ક સેવા...



આર્થિક તથા શારીરિક રીતે અક્ષમ
એકલા રહેતા વડિલોને
ફકત રૂા.૨૦/- માં દરરોજ
ઘર પહોંચ સાત્વિક ભોજનનું ટિફિન



ટીફીન યોજના ના સંપૂર્ણ એક મહિનાના દાતા : રૂા.૫૧,૦૦૦/-
આધારસ્થંભ દાતા : રૂા.૨૫,૦૦૦/-
સહાયક દાતા : રૂા.૧૧,૦૦૦/-

સર્વ જ્ઞાતિજનો માટે સિક બેડ સેવા અંતર્ગત
- હોસ્પિટલ / સાદા પલંગ
- વ્હીલ ચેર / કમોડ ચેર
- વૉકર, બાંકોડા



જેવા સાધનો ડિપોઝિટ લઈને આપવામાં આવે છે.

Bank Details : **IDBI Bank** (Dombivli-E Branch),
A/c. No. 0669104000252560, IFSC Code : IBKL0000669

નિમ્ન લિખિત દાતા પરિવારો નો ખૂબ ખૂબ આભાર...

30,000/- એક શુભચિંતક પરિવાર
30,000/- કલ્પનાબેન કાંતિલાલ જાગાણી.....બાડા/સાંતાકુઝ
૨૫,૦૦૦/- માનવ જ્યોત પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ.....મુલુંડ
૨૨,૦૦૦/- સ્વ.ફોરમ રાજ ધ્રોળના સ્મરણાર્થે.....સાયરા/ડોંબિવલી
હ. રાજ કિરાચંદ ધ્રોળ
૧૧,૦૦૦/- મીના ચંદ્રકાંત પાસડ .....દેઢીઆ/ડોંબિવલી
૧૧,૦૦૦/- સ્વ.ભાઈલાલ મોહનલાલ શાહ પરિવાર ...મો.રતડીયા/ડોંબિવલી
૧૧,૦૦૦/- રમેશ ગોવિંદજી શાહ (કેનિયા) .....બારોઈ/ઘાટકોપર
૧૧,૦૦૦/- સ્વ.લીલાવંતી શાંતીલાલ દેઢિયા.....બિદડા/મુલુંડ
પ્રથમ પુણ્યતિથી નિમિત્તે
૧૦,૦૦૦/- શ્રી ગોવાલીયા ટેન્ક સખી મંડળ .....મુંબઈ

અમારા સર્વ ટિફિન લાભાર્થીઓને
દિવાળી નિમિત્તે - એક શુભચિંતક પરિવાર તરફથી મિઠાઈ અને ફરસાણ
લાભ પાંચમ નિમિત્તે - ભારતીબહેન અશોક ગડા, ગામ રાયણ તરફથી
મિઠાઈ નું વિતરણ કરવામાં આવેલ છે.

(CLB-16130)

નેત્રદાન / ત્વચાદાન - સર્વ જ્ઞાતીજન માટે (૨૪ કલાક કાર્યરત)
અત્યાર સુધી ૨૫૫ નેત્રદાન અને ૨૫૭ ત્વચાદાન માટે અમો નિમિત્ત થયા છીએ.

નૂતન કાર્યાલય: **માનવતા ગ્રુપ**, એ/૨, ગોવિંદ ધામ બિલ્ડીંગ,
ત્રિગુણા બિલ્ડીંગ (ડૉ.ધોક) ની સામેની ગલ્લી, સંગીતા વાડી, ડોંબિવલી (પૂર્વ).
સમય : સવારના ૧૦.૦૦ થી ૧૨.૦૦ • સાંજના ૬.૦૦ થી ૮.૦૦ સુધી

લિ.માનવતા ગ્રુપ - ડોંબિવલી

બિપીન નાગડા (નરેડી) ૯૮૨૦૫૧૫૬૬૫	અરવિંદ શાહ/ગાલા (વડાલા) ૯૦૨૨૮૭૫૫૬૫	કમલેશ શાહ (તેરા) ૯૮૬૯૭૭૪૨૮૯
રમેશ વિકમાણી (ગઢસીસા) ૯૮૨૦૬૭૭૨૦૯	અશોક મામણીયા (કપાયા) ૯૮૨૧૮૧૬૮૨૧	મુકેશ દેઢિયા (મો.ખાખર) ૯૮૧૯૧૯૦૦૨૪
જીગ્નેશ સાવલા (ના.તુંબડી) ૯૮૨૦૫૬૮૫૦૦	નિતીન સાવલા (નવાવાસ) ૯૮૨૧૮૮૧૨૩૪	રોબિન છેડા (ચીઆસર) ૯૮૨૧૦૧૮૮૮૮

Ketan Maru 9874887387

।। શ્રી વાસુપૂજયસ્વામિને નમો નમઃ ।। ।। સન્મતિદાયક શ્રી સુમતિનાથ સ્વામિને નમો નમઃ ।। ।। શ્રી વિમલનાથ સ્વામિને નમો નમઃ ।।

।। શ્રી આર્ય-જય-ધર્મ-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદય- કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદયસાગરસૂરિભ્યો નમઃ ।।

શ્રી અચલગચ્છ જૈન સંઘ-મુલુંડ (પૂર્વ)

શ્રી સુમતિનાથ જિનાલય, શ્રી નવ-કમલ વિવિધલક્ષી અચલગચ્છ જૈન ભવન, નવઘર રોડ, હનુમાન ચૌક, મુલુન્ડ (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૮૧. ફોન : ૯૩૭૨૪ ૪૪૯૨૪

દિવ્યકૃપા : અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
દિવ્ય આશિષ : અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
દિવ્ય આશિષ : જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.

આજ્ઞા-આશિષ : અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
શુભ આશિષ : અજોડ શાસનપ્રભાવક, પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.,
શુભ આશિષ : આગમ અભ્યાસી પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
આદિ ગણિવર્યો તથા ગુરુભગવંતો

"સત્પરિણતિ" ચાતુર્માસ રંગે ચંગે ઉજવાઈ ગયો આરાધના ઉત્સાહ-ઉમંગ રંગ છવાઈ ગયો...



અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ના આજ્ઞાવર્તિની,
શાસન પ્રભાવિકા, પ્રવર્તિની મહત્તરા, સાધ્વી મુખ્યા પ.પૂ.સા.શ્રી હંસાવલીશ્રીજી મ.સા.
પ.પૂ.સા. શ્રી હર્ષશીલાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી ચંદ્રશીલાશ્રીજી મ.સા.,
પ.પૂ.સા. શ્રી વીતરાગશીલાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી ચૈત્યશીલાશ્રીજી મ.સા.
આદિ ઠાણા ૫ ની પાવનકારી નિશ્રામાં
આરાધના-જ્ઞાન-સંસ્કારસભર
"સત્પરિણતિ ચાતુર્માસ" (વર્ષ ૨૦૨૬) ની પૂર્ણાહુતિની પૂર્વે
નિમ્નોક્ત આરાધના કાર્યક્રમનું આયોજન રહેશે.
સકલ શ્રી સંઘને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાવવિભોરે લાભ લેવા વિનંતી.

વિ. સં. ૨૦૮૩, કારતક સુદ ૧૫, મંગળવાર, તા. ૨૪-૧૧-૨૦૨૬ ના સવારે ૯.૧૫ કલાકે
શત્રુંજય મહાત્મ્ય પ્રવચન બાદ શત્રુંજય ગિરીરાજની ભાવયાત્રા ૧૦૮ ખમાસમણા

સિધ્ધાચલ સમરું સદા, સોરઠ દેશ મોઝાર, મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વારંવાર...

ભાતાના લાભાર્થી પરિવાર :
માતુશ્રી ધનલક્ષ્મીબેન હેમચંદ ગડા (મંજલ રેલડીયા) હ. નિષ્કા, નિયા, ધન્વી
લાભાર્થી પરિવારની હાર્દિક અનુમોદના



પ.પૂ. ગુરૂભગવંતોનો ચાતુર્માસ પરિવર્તન સહ પ્રથમ વિહાર...

કારતક વદ ૧, બુધવાર, તા. ૨૫-૧૧-૨૦૨૬ ના સવારે ૭.૦૦ કલાકે
શ્રી સુમતિનાથ જિનાલયથી શ્રી ક.વિ.ઓ.જૈન સંઘ, શક્તિ બિલ્ડીંગ, ભાંડુપ (વે) મધે થશે.

અભિનંદન... અભિવાદન...અનુમોદન....

ભાંડુપ મધ્યે શ્રી ઋષભ રાજ્ય અનંત સિધ્ધિ... ગુણ ઉપાસના (વિ.સં. ૨૦૮૨) ચાતુર્માસાર્થે બિરાજમાન
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણાની પ્રિયંકરી નિશ્રામાં
તા. ૧૩,૧૪,૧૫ નવેમ્બર ૨૦૨૬ ના યોજાયેલ ધ સ્પીરીટ ઓફ અચલગચ્છ Jain Z ત્રિદિવસીય પ્રદર્શનમાં
આપણા સંઘની પાઠશાળાના બાળકો-બાળિકાઓ તથા શિક્ષિકા બહેનો દ્વારા
આત્માથી પરમાત્મા "A SPIRITUAL EVOLUTAION" ના સ્ટોલનો પ્રથમ પારિતોષિક જાહેર થતાં
શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ (પૂર્વ) ગૌરવની લાગણી અનુભવે છે.



(CLB-16187)

લી. : શ્રી અચલગચ્છ જૈન સંઘ - મુલુંડ (પૂર્વ) ટ્રસ્ટ મંડળ, વરિષ્ઠ સલાહકારો

C. V. O. CHARTERED & COST ACCOUNTANTS' ASSOCIATION
304, Jasmine Apartment, Dada Saheb Phalke Road, Dadar (East), Mumbai - 400 014. Mobile: (+91) 9167928622 - 9867687985 • E-mail : info@cvoca.org • Website : www.cvoca.org
Follow us on : @cvocain @CVOCA Association http://bit.ly/cvocayt

જ્ઞાન ગંગા – ૪૫

સ્થાવર મિલકતની ખરીદી / વેચાણ પર TDS

આવકવેરા અધિનિયમ, 2025 હેઠળ રહેવાસી અથવા બિન-રહેવાસી વેચનાર પાસેથી મિલકતની ખરીદી

એક નજરમાં સારાંશ

વિગતો	રહેવાસી વેચનાર	બિન-રહેવાસી વેચનાર
મર્યાદા	₹50 લાખ કે તેથી વધુનું વેચાણ મૂલ્ય અથવા સ્ટેમ્પ ડ્યૂટી મૂલ્ય (તમામ ખરીદદારો દ્વારા તમામ વેચનારને ચૂકવવાપાત્ર કુલ અવેજ)	કોઈ મર્યાદા નથી
દર	અવેજ અથવા સ્ટેમ્પ ડ્યૂટી મૂલ્ય-બેમાંથી જે વધુ હોય તેના પર 1%	પ્રચલિત દરો: 12.5% (લાંબા ગાળાનો મૂડીલાભ) અથવા 30% (NRI/ફર્મ માટે ટૂંકા ગાળાનો) / 35% (વિદેશી કંપની માટે ટૂંકા ગાળાનો), ઉપરાંત લાગુ પડતો સરચાર્જ અને સેસ
PAN ન ધરાવતો વેચનાર	પ્રચલિત દરો અથવા 20%-બેમાંથી જે વધુ હોય તે, ઉપરાંત સરચાર્જ અને સેસ	20% અથવા પ્રચલિત દરો-બેમાંથી જે વધુ હોય તે, ઉપરાંત સરચાર્જ અને સેસ

1. રહેવાસી વેચનાર પાસેથી ખરીદી

- કોણે કપાત કરવી: કોઈપણ ખરીદદાર-વ્યક્તિ, HUF, કંપની, ફર્મ અથવા નોન રેસિડેન્ટ પણ.
- મિલકત: કોઈપણ જમીન (ગ્રામ્ય કૃષિ જમીન સિવાય) અથવા કોઈપણ મકાન કે મકાનનો ભાગ. ખેતીલાયક જમીન સિવાય આ જોગવાઈની બહાર છે, પરંતુ કલમ 2(22)(iii)માં આવતી શહેરી હદની કૃષિ જમીન આવરી લેવામાં આવે છે.
- અવેજ: તેમાં ક્લબ સભ્યપદ ફી, કાર પાર્કિંગ ફી, વીજળી અથવા પાણીની સુવિધા ફી, જાળવણી ફી, એડવાન્સ ફી અને હસ્તાંતરણ સાથે સંબંધિત સમાન પ્રકારના અન્ય કોઈપણ ચાર્જનો સમાવેશ થાય છે.
- મર્યાદા: તમામ ખરીદદારો દ્વારા તમામ વેચનારને ચૂકવવામાં આવેલા કુલ અવેજના આધારે ₹50 લાખ કે તેથી વધુનું અવેજ અથવા સ્ટેમ્પ ડ્યૂટી મૂલ્ય. સંયુક્ત ખરીદદારો વચ્ચે કિંમત વહેંચવાથી સોદો આ મર્યાદાથી નીચે આવતો નથી. અવેજમાં ક્લબ સભ્યપદ, કાર પાર્કિંગ, વીજળી અથવા પાણીની સુવિધા, જાળવણી અને સમાન ચાર્જનો સમાવેશ થાય છે.
- દર અને સમય: સમગ્ર રકમ પર અવેજ અથવા સ્ટેમ્પ ડ્યૂટી મૂલ્ય—બેમાંથી જે વધુ હોય તેના 1%ના દરે TDS કપાશે. રકમ ખાતામાં જમા કરતી વખતે અથવા ચુકવણી કરતી વખતે—જે વહેલું હોય તે સમયે—કર કપાશે. તેમાં બુકિંગ રકમ અને દરેક હપ્તાનો પણ સમાવેશ થાય છે.
- PAN અને TAN: વેચનાર માન્ય PAN ન આપે તો પ્રચલિત દરો અથવા 20%—બેમાંથી જે વધુ હોય તે દરે કર કપાશે. ખરીદદારને TANની જરૂર નથી; પાલન PAN આધારિત છે.
- ઓછા દરે કપાત: વાસ્તવિક કર જવાબદારી ઓછી હોય તેવો વેચનાર Form 128માં અરજી કરીને ઓછા દરે અથવા શૂન્ય કપાતનું પ્રમાણપત્ર મેળવી શકે છે.
- પાલન: કપાતના મહિના પૂરા થયા પછી 30 દિવસની અંદર કર ચૂકવો અને Form 141, Schedule B (અગાઉનું Form 26QB) ફાઇલ કરો. TRACES પરથી Form 132 (અગાઉનું Form 16B) ડાઉનલોડ કરીને Form 141ની નિયત તારીખથી 15 દિવસની અંદર વેચનારને આપો. દરેક સંયુક્ત ખરીદદારે પોતાના હિસ્સા માટે અલગ Form 141 ફાઇલ કરવાનું રહેશે.

2. નોન રેસિડેન્ટ વ્યક્તિ વેચનાર પાસેથી ખરીદી

- વ્યાપ: નોન રેસિડેન્ટ વ્યક્તિ ને કરપાત્ર કોઈપણ રકમ ચૂકવનાર દરેક વ્યક્તિએ કર કપવો જરૂરી છે, પછી ભલે ખરીદદાર રહેવાસી હોય કે નોન રેસિડેન્ટ વ્યક્તિ . કોઈ મર્યાદા નથી.
- દર: પ્રચલિત દરો લાગુ પડે છે. 24 મહિનાથી વધુ સમય સુધી રાખેલી જમીન અથવા મકાન પર લાંબા ગાળાનો મૂડીલાભ 12.5%ના દરે કરપાત્ર છે; તેના પર લાગુ સરચાર્જ અને સેસ પણ લાગશે અને ઇન્ડેક્સેશનનો લાભ નહીં મળે. 23 જુલાઈ 2024 પહેલાં મેળવેલી મિલકત માટે ઇન્ડેક્સેશન સાથે 20%નો વિકલ્પ માત્ર રહેવાસીઓને ઉપલબ્ધ છે. ટૂંકા ગાળાના મૂડીલાભ પર નોન રેસિડેન્ટ વ્યક્તિ માટે 30% અને વિદેશી કંપની માટે 35%ના દરે TDS ઉપરાંત લાગુ સરચાર્જ અને સેસ લાગશે.
- કરપાત્ર આધાર: વેચનાર Form 128માં ઓછા દરે અથવા શૂન્ય કપાતનું પ્રમાણપત્ર મેળવે અથવા ખરીદદાર AO સમક્ષ Form 129 ફાઇલ કરીને કરપાત્ર હિસ્સાનું નિર્ધારણ કરાવે તે સિવાય, મૂડીલાભ પર નહીં પરંતુ સંપૂર્ણ વેચાણ અવેજ પર કર કપાશે. સોદો નક્કી થાય કે તરત અરજી કરવી જોઈએ.
- કરાર અને PAN: કરાર હેઠળ રાહત મેળવવા TRC અને Form 41 જરૂરી છે, પરંતુ મોટા ભાગના કરારો ભારતમાં આવેલી મિલકતના મૂડીલાભ પર ભારતને કર વસૂલવાની મંજૂરી આપે છે. PAN ન ધરાવતા અથવા આધાર સાથે PAN લિંક ન હોય તેવા વેચનારના કિસ્સામાં, જો તે પોતાનું વિદેશી સરનામું, સંપર્ક વિગતો, TRC અને કર ઓળખ નંબર રજૂ ન કરે તો 20% અથવા પ્રચલિત દરો-બેમાંથી જે વધુ હોય તે દરે TDS કપાશે.
- રકમ વિદેશ મોકલવી: વેચાણની રકમ વિદેશ મોકલતાં પહેલાં Form 145 (અગાઉનું Form 15CA) અને જ્યાં જરૂરી હોય ત્યાં એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર Form 146 (અગાઉનું Form 15CB) રજૂ કરવાનું રહેશે.

3. 1st ઑક્ટોબર 2026થી રિપોર્ટિંગમાં ફેરફાર

રહેવાસી પાસેથી મિલકત ખરીદતા ખરીદદારને અગાઉ ક્યારેય TANની જરૂર પડતી નહોતી, જ્યારે નોન રેસિડેન્ટ વ્યક્તિ પાસેથી ખરીદીના કિસ્સામાં TAN જરૂરી હતો. ઘર ખરીદતા વ્યક્તિ માટે-જે સામાન્ય રીતે એક જ વખતનો વ્યવહાર હોય છે-TAN માટે અરજી કરવી, TAN આધારિત ચલણ દ્વારા કર ચૂકવવો, Form 144માં ત્રિમાસિક નિવેદન ફાઇલ કરવું અને વેચનારને Form 131 આપવું પડતું હતું. 1 ઑક્ટોબર 2026થી થયેલો ફેરફાર રહેવાસી વ્યક્તિ અને HUF ઘર ખરીદનાર માટે આવકારદાયક છે, કારણ કે હવે તેમને TANની જરૂર નથી અને તેઓ એક જ PAN આધારિત ફોર્મમાં કર ચૂકવી તથા રિપોર્ટ કરી શકે છે.

ક્રમ	વિગત	રહેવાસી વ્યક્તિ અથવા HUF ખરીદદાર	અન્ય ખરીદદારો (કંપની, ફર્મ, LLP, ટ્રસ્ટ અથવા બિન-રહેવાસી)
1	TAN	જરૂરી નથી	જરૂરી છે
2	કર ચુકવણી	કપાતના મહિના પૂરા થયા પછી 30 દિવસની અંદર Form 141 સાથે	આગામી મહિનાની 7મી તારીખ સુધીમાં (માર્ચ માટે 30 એપ્રિલ)
3	રિપોર્ટિંગ	દરેક વ્યવહાર માટે Form 141	31 જુલાઈ, 31 ઓક્ટોબર, 31 જાન્યુઆરી અને 31 મે સુધીમાં ત્રિમાસિક Form 144
4	વેચનારને પ્રમાણપત્ર	Form 141ની નિયત તારીખથી 15 દિવસની અંદર Form 132	Form 144ની નિયત તારીખથી 15 દિવસની અંદર Form 131
5	સંયુક્ત ખરીદદારો	દરેક ખરીદદાર પોતાના પ્રમાણસર હિસ્સા માટે અલગ Form 141 ફાઇલ કરશે	દરેક ખરીદદાર પોતાના TAN મારફતે ફાઇલ કરશે

ખરીદદારે કરાર અને નોંધણીની તારીખો, સ્ટેમ્પ ડ્યૂટી મૂલ્ય, હપ્તાની વિગતો, મૂડીલાભનો પ્રકાર, વેચનારે ડિફોલ્ટ કર વ્યવસ્થામાંથી બહાર નીકળવાનો વિકલ્પ પસંદ કર્યો છે કે નહીં, કોઈ પ્રમાણપત્ર નંબર અને Form 145ની સ્વીકૃતિની વિગતો પણ રિપોર્ટ કરવી પડશે. કરાર પર સહી કરતી વખતે જ આ વિગતો મેળવી લેવી જોઈએ. કરનો દર, કરપાત્ર આધાર, પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયા, Form 145 અને ડિફોલ્ટના પરિણામોમાં કોઈ ફેરફાર થયો નથી. માત્ર રિપોર્ટિંગની પ્રક્રિયામાં ફેરફાર થયો છે.

4. ચેકલિસ્ટ અને અન્ય મુદ્દાઓ

- પ્રથમ ચુકવણી પહેલાં દરેક વેચનારની રહેવાસી સ્થિતિની ખાતરી કરો અને PAN ચકાસો. આધારરૂપ દસ્તાવેજો રેકોર્ડમાં રાખો.
- નોન રેસિડેન્ટ વ્યક્તિ વેચનારના કિસ્સામાં મિલકત હસ્તગત કરવાની તારીખ જાણી લો અને વેચનારને વહેલી તકે ઓછા દરે કપાતનું પ્રમાણપત્ર મેળવવા અરજી કરવા કહો. કરારમાં એવી જોગવાઈ રાખો કે પ્રમાણપત્ર રજૂ ન થાય તો ખરીદદાર સંપૂર્ણ દરે TDS કાપી શકે.
- દરેક ચુકવણીમાંથી કર કાપો, સમયમર્યાદામાં કર ચૂકવો અને રિપોર્ટ કરો, પ્રમાણપત્ર આપો તથા વેચનારના PAN સામે TDS ક્રેડિટ દેખાય છે તેની ખાતરી કરો.
- જ્યાં અવેજ સ્ટેમ્પ ડ્યૂટી મૂલ્ય કરતાં ઓછો હોય ત્યાં મૂડીલાભની ગણતરી માટે સ્ટેમ્પ ડ્યૂટી મૂલ્ય વેચનારનું વેચાણ મૂલ્ય ગણાશે. જો આ તફાવત ₹50,000 અને અવેજના 10%—બેમાંથી જે વધુ હોય તેનાથી વધારે હોય, તો તે ખરીદદારના હાથમાં પણ કરપાત્ર છે.
- ભારતમાં વિદેશમાં રહેતી વ્યક્તિ પાસેથી મિલકત ની ખરીદી અને નોન રેસિડેન્ટ વ્યક્તિ વેચનાર દ્વારા વેચાણની રકમ વિદેશ મોકલવાની પ્રક્રિયા FEMA, 1999 હેઠળ નિયંત્રિત થાય છે.
- GSTને બાદ કરીને બાકીની રકમ પરજ TDS કપાશે.

આ પ્રકાશન ફક્ત જાગૃતિ માટે છે. તમારી પરિસ્થિતિને લગતા નિર્ણયો માટે કૃપા કરીને તમારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કાનૂની સલાહકારનો સંપર્ક કરો.

For english version of this and our other publications, please scan the given QR code

For feedback/ Questions, please scan the given QR code

(CLB-16158)

Empowered by Tech, Driven by Values – Team CVOCA

જાહેરાત સૌજન્ય
Ghalla Bhansali
Trust • Legacy • Wealth
Ghalla Bhansali Stock Brokers Pvt. Ltd.
Devansh, 133, D.S.P. Road, Near Ranjit Studios, Dadar (E), Mumbai -400014. ☎ : 4049 7000 • 4049 7200 • 2415 7000

Mital J Chheda 9869706471

PRINCE® PIPES

INDIA KI PRAGATI KA TAJ



PIPES | WATER TANKS | BATHWARE

Aquel® By PRINCE



FAUCETS | SHOWERS | SANITARYWARE

Authorised Distributor

For Prince Pipes: HEENA AGENCIES

For Aquel Bathware: MAHI DISTRIBUTORS

Call Now

+91 70457 87570

Sales@heenaagencies.com

(CLC-16153)

પુત્રતુલ્ય જમાઈને સાસરીયા પરિવારની ભાવાંજલી



લીધી વિદાય એવી કે તમારા દર્શન ઓઝલ થયા,
સદા હસતો આપનો એ ચહેરો, લાગણી અને પ્રેમનો આપ હતા સહારો,
ને હતા પરિવારના આપ સમૃદ્ધ કિનારો,
અચાનક ઝાંખો પડ્યો ભેદા / ગાલા પરિવારના અજવાળા,
મૃત્યુ ભલે છીનવી ગયું આપને અમથી,
પરંતુ રહેશો જીવીત સદા અમારી યાદોમાં... મીઠા સંસ્મરણોમાં...
પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ અર્પે એજ અંતરથી પ્રાર્થના.

શ્રી રાજેન (ટીનુ) વિશનજી ગાલા

ગામ : દેશલપુર ▪ હાલે : પૂના

અરિહંત શરણ : તા. ૨૦-૧૧-૨૦૨૫

લિ. શોકમગ્ન સાસરીયા પરિવાર

માતુશ્રી જવેરબેન જાદવજી જીવરાજ ભેદા

(ભુજપુર)

સાળા-સાળાવેલી : ચેતના હિરેન જાધવજી ભેદા

સાળી-સાઢુભાઈ

કેતના પરેશ શેઠ (દળવા)

રક્ષા કેકીન હરખચંદ ગોગરી (ટુંડા)

દિપા કિરણ ચુનીલાલ ગાલા (લુણી)

(CLB-16179)

BINITA S. MARU - 9869034162